| Published Date: | 4 Dec 2018 | Publication: | State Express (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Vadodara | Page No: | 2 |
| MAV/CCM: | 15876/44.1 | Circulation: | 8000 |

# TCS IT ક્વિઝ ૨૦૧૮ની નેશનલ ચેમ્પિયન્સ વડોદરાની સંત કબીર સ્કૂલ બની

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસએ ૨૫ નવેમ્બર, ૨૦૧૮ને રવિવારે મુંબઈનાં વિવાન્તા તાજ પ્રેસિડન્ટમાં યોજાયેલી એની ગ્રાન્ડ ફાઈનલમાં ભારતની સૌથી મોટી ઈન્ટરસ્કૂલ ટિ ક્વિઝ કોમ્પિટિશન **TCS IT** વિઝ ૨૦૧૮નાં વિજેતાઓની જાહેરાત કરી હતી. ટછશ ટિ વિઝ ચેમ્પિયનશિપ ટાઈટલ વડોદરાની સંત કબીર સ્કૂલનાં ભવ્યા રાનિંગા અને નિહાર શાહને મળ્યું હતું. જ્યારે સ્કૂલ માટે વિજેતા ટીમે ડિજિટલ શોપિંગ માટે ૧૫૦,૦૦૦ મૂલ્યનાં ઈ-વાઉચર્સ, ગોલ્ડ મેડલ અને ચેમ્પિયન ટ્રોફી જીતી હતી, ત્યારે રનર્સ અપ કોટાગિરીની સેન્ટ જ્યૂડ્સનાં યાઝહિની શણ્મુગમ અને હર્ષ અગ્રવાલે ડિજિટલ શોપિંગ માટે ૧૦૦,૦૦૦નાં ઈ-વાઉચર, સિલ્વર મેડલ અને ટ્રોફી જીતી હતી.

**TCS**નાં **CEO** અને **MD** શ્રી રાજેશ ગોપીનાથને નેશનલ ફાઈનલ પર કહ્યું હતું કે, ''ભારતભરનાં ઘણાં વિદ્યાર્થીઓએ અત્યાધુનિક ટેકનોલોજીઓ અપનાવી છે, જે પ્રેરક બાબત છે. હકીકતમાં **IT**નાં માર્ગે અગ્રેસર થવું જ ભવિષ્ય છે અને આ સેગમેન્ટમાં ભારતે છેલ્લાં ઘણાં દાયકાથી પ્રગતિ કરી છે. આ જ માર્ગે આપણે ફરી શક્તિશાળી રાષ્ટ્ર બન્યાં છીએ. મને અત્યારે આ ક્ષણનાં સાક્ષી બનવાનો ગર્વ છે અને હું વિજેતાઓને તથા તમામ ટીમનો અભિનંદન આપું છું, જેણે ટિ વિઝ ૨૦૧૮ને ભવ્ય સફળતા અપાવી છે.''

આ પ્રસંગે **TCS**નાં **CEO` & MD** રાજેશગોપીનાથને વિજેતાઓને ઈનામનું વિતરણ કર્યું હતું. નેશનલ ફાઈનલમાં છ અસાધારણ, ઉત્સાહી અને કુશળ ટીમો વચ્ચે જબરદસ્ત સ્પર્ધા જામી હતી, જે ભારતનાં ૧૨ શહેરોમાં યોજાયેલી ૨ સેમિફાઈનલમાંથી વિજય મેળવીને ફાઈનલ સુધી પહોંચી હતી. તેમની વચ્ચે ચેમ્પિયનશિપ ટાઈટલ મેળવવા માટે જંગ જામ્યો હતો. ક્વિઝમાં ''રિયલ-ટાઈમ સ્કોરિંગ'' પણ દેખાડવામાં આવ્યું હતું, જેની મદદથી ઓડિયન્સને આ રસપ્રદ સ્પર્ધા પર નજર રાખવામાં મદદ મળી હતી.